ૐ હરિઃ !!

અજબ પ્રેમી

લલિત પ્રિયા.

નાટકનાં ગાયનો.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શ્રી 'સુરત' સુંદર વિલાસ
નાટક કંપની માટે

માલીક,

ધીરજલાલ અમરતલાલ શાહ

પ્રથમાવૃત્તિ પ્રત ૧૦૦૦.

સુરત ભાગાતળાવ રોડ ઉપર આવેલા ધી "રાંદેર" પ્રીન્ટીંગ પ્રેસમાં રતિલાલ દુર્લભદાસે છાપી.

સંવત ૧૯૬૭ સને ૧૯૧૧

કીંમત બે આના.

મુખ્ય પાત્રોનાં નામ અને સંબંધ.

પુરૂષ વર્ગ

પરમાનંદ— .... મણીશંકરનો છટેલ છોકરો.
લલીતરાય— .... બૅરીષ્ટર થયેલા નાગર ગૃહસ્થ.
રમણીક— .... પરમાનંદના કાકા ચંદ્રશંકરનો દીકરો.
ગંગાશંકર— .... પરમાનંદનો સસરો.
અબદુલમીયાં— .... અલકજાન ગુણિકાનો આશક.
ચંદ્રશંકર— .... રમણીકનો સ્વધર્મશીળ પીતા.
મગન— .... લલીતરાયનો લાંચીયો કારકુન.
છગનલાલ— .... લલીતરાયનો અસીલ.
બૉય— .... લલીતરાયનો બબરચી.
નવીનરામ— .... નાટકનો મેનેજર.
પ્રેમો— .... લલિતરાયનો કોચમીન.

સ્ત્રી વર્ગ

કૃષ્ણા— .... પરમાનંદની દુઃખી સ્ત્રી.
કમળા— .... લલિતરાયની ધણીઆણી.
રેવા— .... પરમાનંદની વીધવા માતા.
લક્ષ્મી— પરમાનંદની સાસુ ને ગંગાશંકરની ધણીઆણી.
અલકજાન— .... વેશ્યા સ્ત્રી.

અવશેષ વર્ગ—નિશાળીઆઓ, દારૂડીઆઓ, સીપાઇઓ. એકટરો, માછીઓ, કાશીજીના ગોર, દેવતાઓ, શીષ્યો, પોલીસ અમલદાર વગેરે વગેરે.

લલિત પ્રિયા.

નાટકનો ટુંકસાર.

પ્ર૦ ૧ લો—દૂર ભાગ્યે કુસંગમાં પડેલા નાદાન પતી પરમાનંદ તરફથી માર અને અપમાનની પ્રસાદી પામી દુઃખી થતી ભરયુવાન પત્નિ કૃષ્ણા, સુધારાના હિમાયતી કહેવાતા લલીતરાય બેરીસ્ટરની દ્રષ્ટિએ પડે છે ને તે તેને સુખી બનાવવા ને સાથી કરવા ખંતી થાય છે. કૃષ્ણાની દ્રષ્ટિ પણ પ્રસંગવશાત્ લલીતરાય તરફ ખેંચાય છે ને તેઓ બંને એકબીજાનાં રૂપગુણથી લલચાય છે.

પ્ર૦ ૨ જો—સુધારક લલીતરાય પોતાની સ્ત્રી કમળા પાસે કૃષ્ણાની છબી માગે છે. ચાલાક કમળા એ ઉપરથી લલીતરાયના તોફાની મગજની સઘળી વાત સમજી જાય છે, ને છબી લેવા છુટી પડે છે. એવામાં પરમાનંદના કાકાનો દીકરો રમણીક ત્યાં આવે છે ને તેની સાથે લલીતરાય કૃષ્ણા ઉપર એક પ્રેમી પત્ર લખી પીછાનનો રસ્તો ચાલુ કરે છે.

પ્ર૦ ૩ જો—જોબનના મદમાં આંધળી બનેલી કૃષ્ણાને, રમણીક આવી લલીતરાયનો પત્ર આપે છે. પ્રેમી શબ્દોથી હૃદયમાં નવું જીવન ઉભરાય છે, ને દીયેર ભોજાઈમાં અરસપરસ હાસ્ય વિનોદ શરૂ થાય છે.

પ્ર૦ ૪ થો—બેરીસ્ટરના બળાપાથી બળી રહેલી કમળા પરમાનંદ પાસે જઈ તેને કૃષ્ણા માટે ખુબ ઉશ્કેરે છે. આથી પરમાનંદ ચીઢાઈ નીશાળે નાહ જતાં લાગલોજ પોતાના હાથમાં

ચપ્પુ મારી કૃષ્ણા ઉપર ત્રાગુ કરે છે. કૃષ્ણા આવા ભવાડાઓથી કંટાળી જાય છે ને સાસુના કડવા બોલો સાંભી અણુછુટકે પીયર જવા વિદાય થાય છે.

પ્ર૦ ૫ મો—કમળા પરમાનંદ પાસેથી જુદી પડી, પાધરીજ કૃષ્ણાના પીયરમાં જઇ પહોંચે છે. ને ત્યાં સર્વેને કૃષ્ણાના અવગુણોથી માહીતગાર બનાવે છે. કૃષ્ણા ત્યાં આવી પહોંચે છે ને તેનો ક્રોધી પીતા ગંગાશંકર તેને ત્રીજે માળે કોટડીમાં પુરી ઝેર પાઇ મારવાનો નિશ્ચય કરે છે.

પ્ર૦ ૬ ઠો—કેટલાક દારૂડીઆ દોસ્તોની સંગતમાં ઘેરાયલો પરમાનંદ ગુણકા ને ઘેર રાત્રી ગુજારે છે. ત્યાં ગુણકા તેનાં ઘરેણાંથી લલચાઇ તેને ઠાર મારી નાખે છે.

પ્ર૦ ૭ મો—રમણીક પોતાના સ્વધર્મ શીળ પીતા ચંદ્રશંકર પાસેથી કેટલીક દુનિઆદારીના ડહાપણ વિષેની વાતો સાંભળતો બેઠો છે. ત્યાં પરમાનંદની મા અને કૃષ્ણાનો બાપ રોતાં કળકળતાં આવે છે ને પરમાનંદના ખુન વિષેની ખબર આપે છે.

પ્ર૦ ૮ મો—લલીતરાયની ઓફીસમાં છગન નામનો લાંચીયો કારકુન મગન અમદાવાદી પાસેથી કેશની નકલો આપ્યા બદલ દશ રૂપિઆ લાંચ ખાય છે, પણ પકકો અમદાવાદી પોતાનું કામ કાઢી લેઇ પાછળથી લલીતરાય પાસે ફરીયાદ જાય છે ને આપેલા પૈસા પાછા ઓકાવે છે. બાદ રમણીક આવે છે ને તે લલીતરાયને પરમાનંદના મૃત્યુ વિષે, અને કૃષ્ણાના કેદખાના સંબંધે ચેતાવે છે. હોંશીલો બારીસ્ટર કોઇ પણ રસ્તે દુખીયણના દુઃખમાં ભાગ લેવા ઉતાવળો થાય છે ને પોતે એક પત્ર લખી કૃષ્ણાને તે પહોંચાડવા રમણીકને સમજાવે છે.

પ્ર૦ ૯ મો—કૃષ્ણાને પોતાની શોક્ય થતી બંધ પાડવા કમળા પોતાની કપટી કરામતો આગળ લંબાવે છે ને કૃષ્ણાના પીતાને મળી તેમની છોકરીની ને પોતાના પતીની બદ દાનતની બાબતો ખુલ્લી કરે છે.

પ્ર૦ ૧૦ મો—કેદ થએલી કૃષ્ણા પોતાની દયાળુ માની મદદથી જરા છુટી થાય છે તે પ્રસંગમાં રમણીક આવી તેને મળે છે ને લલીતરાયનો પત્ર આપે છે. બહાર ગયેલો પીતા ઘેર આવે છે ને એક બાજુથી સગાં વ્હાલાં ભેગાં કરી લલીતરાયને માર મારવાની ને કૃષ્ણાને પાછલી બારીએથી તળાવમાં ફેંકી મારવાનો નિશ્ચય કરે છે.

પ્ર૦ ૧૧ મો—પાછલી બારીએથી તળાવમાં ફેંકી દીધેલી કૃષ્ણાનો, રમણીક આવી બચાવ કરે છે. ને પોલીસ સુપરીટેનડેન્ટ સહીત લલીતરાય આવી કૃષ્ણા સાથે સુધરેલી ઢબે પરણે છે. બ્રાહ્મણો આ બનાવથી ગભરાય છે ને કૃષ્ણાનો ઝનુની બાપ તેજ વખતે તળાવમાં પડી આપઘાત કરે છે.

ટેબલો.

અંક ૨ બીજો.

પ્ર૦ ૧ લો—કૃષ્ણા પુર્નલગ્ન કર્યા પછી રમણીક અને લલીતરાય સાથે મુંબાઇમાં આવે છે પણ પાછળથી પતીના માંસ મદીરાના કુછંદો જોઇ ઘણીજ દીલગીર થાય છે. રમણીક તેને ધીરજ આપે છે, ને અનપાણીની પ્રતિજ્ઞા લઇ ગમે તે પ્રયાસે લલીતરાયને સુધારવાનું કામ પોતાને માથે લે છે. બાદ ચંદ્રશંકર કાશી જવા નીકળેલા ત્યાં આવે છે, ને પીતા પુત્ર બંને મળે છે.

પ્ર૦ ૨ જો—કપટબાજ કમળા પોતાના બૉય મારફતે કૃષ્ણા ચંદ્રશંકર સાથે આડા વહેવારથી જોડાયલી છે એવી ખોટી બાતમી લલીતરાયના કાનપર લાવવાની કોશેશ કરે છે, ને કમળાના દંભી આડંબરથી છેતરાયલો ઇશ્કી ટટ્ટુ બૉય લાલચનો માર્યો લલીતરાયને વ્હેમ તરફ દોરે છે.

પ્ર૦ ૩ જો—રમણીકના પુછવાથી ચંદ્રશંકર પુનર્લગ્ન વિષે વિરૂદ્ધ મત જાહેર કરે છે. બાદ બૉયના કહેવાથી ભરમાયલો લલીતરાય આવી અનાર્યોની રીતભાતને વખાણે છે. ચંદ્રશંકર તેના સાચા ખુલાસા કરે છે ને પછી સુઇ જાય છે. કૃષ્ણા ચંદ્રશંકર ઉપર પુજ્યભાવ આણી તેમની નિદ્રાધિન સ્થિતીમાં સેવા કરે છે, ને તે દેખીને લલીતરાયનો વહેમ વધારે મજબુત થાય છે.

પ્ર૦ ૪ થો—લલીતરાય પક્કી રીતે કૃષ્ણાને ચંદ્રશંકર સાથે ફસાયલી સમજે છે ને તેમાં કમળા સાગરીદબનીરજની વાતને ગજની કરીમૂકેછે.

પ્ર૦ ૫ મો—ચંદ્રશંકર કાશી જાય છે અને પીતા વિરહી બાળપુત્ર રમણીક થોડે સૂધી વળાવા જાય છે. બાદ લલીતરાય આવે છે ને કમળાના પ્રપંચોથી પુરેપુરો ભંભેરાઇ પોતાની ડગુમગુ સ્થિતીમાં કૃષ્ણા ઉપર ઠાવકા આક્ષેપોનો વરસાદ વરસાવી તેને ઘર બહાર કાઢી મુકે છે.

પ્ર૦ ૬ ઠો—કમળાનો માનીતો બૉય, મળવા આવેલા નાટકના મેનેજરને દરવાજા ઉપર રોકે છે, લલીતરાય આવી તેને એમ કરતો અટકાવે છે ને તે મેનેજરને મકાનમાં તેડી જઇ પોતાનું રચેલું એક સ્વદેશાભીમાની નાટક ભજવવા આપે છે. કમળા મેનેજરની વાચાળતાથી મોહીત થાય છે ને પોતાની કપટ જાળના ભોમિયા બૉયને બહાનું કાઢી લલીતરાય પાસે રજા અપાવે છે.

પ્ર૦ ૭ મો—દુઃખીઆરી કૃષ્ણા રખડતી ર ઝળતી ર-યામાં ઝંપલાય છે ને ત્યાં તેને બેભાન સ્થીતિમાં પુત્રી પ્રસવ થાય છે પાછળથી અચાનક ખલાસીઓની મદદથી તે બચે છે ને પોલીસને સ્વાધિન થાય છે.

પ્ર૦ ૮ મો—પીતા પાછળ વળાવવા ગયેલો રમણીક પાછો આવે છે ને તે કૃષ્ણા ઉપર ચઢાવેલાં ખોટાં તોહમતોથી ગુસ્સે ભરાઇ લલીતરાયની સોબત છોડી દૂર થાય છે.

પ્ર૦ ૯ મો—નાટકશાળામાં નવા નાટકને ભજવવાની સઘળી તૈયારીઓ થાય છે. ને લલીતરાય કમળાને સાથે લેઇ ત્યાં હાજર થાય છે.

પ્ર૦ ૧૦ મો—ખેલ શરૂ થાય છે ને તે લખાણુ રાજ્યદ્રોહી લાગવાથી લલીતરાય પોલીસ અમલદારને હાથે પકડાય છે. કમળા મુર્છાગત થાય છે ને તેને મેનેજર ધીરજ આપે છે.

ટેબલો.

અંક ૩ ત્રીજો.

પ્ર૦ ૧ લો—લલીતરાયને એક વરસ કેદની સજા થાય છે ને કમળા મેનેજરના સંરક્ષણુમાં સંપાય છે. બાદ કૃષ્ણાની શોધ ચલાવતા રમણીકને બૉયનો ભેટો થાય છે ને તે દ્વારાએ તે કમળાની સઘળી લુચ્ચાઇઓનો માહીતગાર બને છે.

પ્ર૦ ૨ જો—મેનેજર સાથે આનંદ કરતી કમળા પાસે બૉય તકરાર કરી પોતાનો બાકી રહેલો પગાર મેળવે છે. બાદ રમણીક આવે છે ને તેની આગળ પોતાનું પાપ પ્રગટ થએલું જોઇ કમળા ગભરાય છે. મેનેજર પણ સમજી જાય છે ને બંને જણુ સઘળો માલ સમેટી રાતોરાત પસાર થાય છે.

પ્ર૦ ૩ જો—સુવાવડી કૃષ્ણાની માવજત દવાખાનામાં ખતમ થાય છે બાદ રમણીક આવી તેને પોતાના મુકામપર લેઈ જાય છે.

પ્ર૦ ૪ થો—નાસી નીકળેલી કમળાને, સાથે આવેલો મેનેજર અમૃતસરમાં સુતી મુકી સઘળો માલ ચપેટી ચાલતો થઇ જાય છે. કમળા જાગે છે ને પોતાના પાપથી પસ્તાઇ ગંગાજીમાં ડુબી મરવાના નિશ્ચયે કાશીએ જવા નીકળે છે.

પ્ર૦ ૫ મો—કૃષ્ણાને સંસાર ઉપર તીરસ્કાર આવવાથી રમણીક તને કાશીએ જવા સમજાવે છે. ચંદ્રશંકર તરફથી પણ તેડાવા માટે આગ્રહ ભરેલો પત્ર આવે છે ને બંને જણ કાશીએ જવા નીકળે છે.

પ્ર૦ ઠો—કેદમાંથી છુટી લલીતરાય પણ કાશીએ આવે છે. ત્યાં મેનેજર પકડાય છે ને મુદ્દા માલ સાથે કમળાને અમૃતસરમાં રઝળતી મુકયાની હકીકત મળેથી પોલીસમાં સંપાય છે.

પ્ર૦ ૭ મો—ફરતા ફરતા લલીતરાય પણ ચંદ્રશંકરને આશ્રમેજ આવે છે ને ત્યાં તેને કૃષ્ણા તથા રમણીકનો ભેટો થાય છે. કૃષ્ણા સનાતન ધર્મ વિરૂદ્ધ કરેલા પુર્નલગ્નથી પસ્તાય છે. ને પોતાનું અવિચારી લગ્ન ફોક કરી લલીતરાયન ભાઈ કહીને બોલાવે છે. બાદ કમળા પણ એજ સ્થળ ઉપર આવી ચડે છે ને સર્વેને જોઈ શરમની મારી ગંગામાં કુદી પડે છે. ચંદ્રશંકરનો ચેલો તેને બચાવે છે. લલીતરાય પસતાવો કરે છે ને કમળાને ફરીને સ્વિકારે છે. ચંદ્રશંકર નિર્દોષ ઠરે છે ને સર્વે પોતાનાં વતનમાં પાછાં ફરે છે.

શાંતિ!! શાંતિ!! શાંતિ!!

ॐ हरिः !!

લલિતપ્રિયા.

નાટકનાં ગાયનો.

કૃષ્ણા— ૧

શ્રી સકલપતિ નાથ મોટા હર તમારૂ નામ, નિજ જનના પૂરણ કામ;
આશરે આ બાળ, છો બળવંત, સુંદરસ્યામ જય જય રમો સહુ ઠામ.—ટેક.

ન્યાય તણું પદ પ્રથમનું, એકજ પદ પરમેશ;
તે પદ પરમ પુરૂષતણું, સાચા સુખને દેશ.

હું નહીં તું તું કૃપાળુ નમન મ્હારનું નામ, અવિચળ શાંતિના ધામ.—શ્રી૦

ન્યાયી જન જો નવ જુએ, જગ આપે અપમાન;
અન્યાયીને હર તજે, સ્નેહ બતાવે સાન.
સત પ્રથમ શિવ શિવ દયાળુ, અવરહરની હામ જય જગત ગુરૂ અભિરામ—શ્રી૦

કૃષ્ણા, પરમાનંદ— ૨

રસિયા રહો રહો મ્હારા રાજ, વ્હાલાજીપર વારી, !
તન મન ધન અરપણ તમને, લેજો વિચારી !
મોહન મન માન્યાને અરજી મારી. —રસિયા૦
સ્હેજ સમારૂં કુલતણી, ગમતા સજું શણગાર,
મન ગમતા મેવા ધરૂં, સફળ કરો સંસાર.
વળગી આ વંત્રી આવી ઠગારી, ધૂતારી—મોહન૦
પાકયાં ફળ પાકા વિણે પિયુ છો પરખનહાર.
આધિનને દ્યો આશરો રસ લૂટ્યામાં સાર.
છોડી દે માતા મારી, નઠારી તું નારી.—મોહન૦

કૃષ્ણા— **શીખરણી.**

પડે આશી પીડા, અબળ જનને આ જગ મહીં !
ગયા ક્યાં તે દા'ડા, ભરતભુમિ ભૂંડી થઈ રહી;
કજોડાં જોડે તે, કપુત દુનિયામાં પ્રગટવા;
યુવાવસ્થા ભૂંડી, રસિક જન લાગે રખડવા.

કૃષ્ણા—

મુખ મધુરા લટક મટક માણે ! (૩)
હૈયાની પિડ હેતે જાણે, મદનરાજ રતિ પ્રેમ પ્રમાણે,–મુખ૦
સ્હમજાવે શ્યાણા તે શાને, ભીંજાવે અમૃત વાણે !—મુખ૦
કામદેવનું જોર જ્યાં, શા ખપના શણગાર !
છાતીપરના ભારને, પિયુ મરદન કરનાર ! —મુખ૦

રમણિક— **મરાઠી સાખી.**

કળજુગમાં બળ કામ દેવનું, યુવા થતાં ઉભરાશે;
નિજ ઘરમાં સુખ નહિ નારીને, તે પર ઘરમાં જાશે;
ભુખ સઘળું ખાશે, અંધ બન્યા પસ્તાશે.

રમણિક— ૪

પરણાવે માબાપ છોકરાં જોડ જુવે નહીં સુખકારી,
થાય કજોડાંમાંથી ખોટું અપજશનું દુખ બહુ ભારી
અણગમતો વર અબળાને એ બ્હાનું રમવાને જારી,
સમજોરે શ્યાણા સદ્‌ભાગી, દિન દિન વધતી ખુવારી;
નામે મ્હોટા કામે ખોટા લાલ બને થપ્પડ મારી,
બાળને પાળી નવ જાણે એ નર મુછાળી નારી;
કૂળ જોઇ કૂળવાળા બનતા, રડે રાંડિયા અવિચારી
ફટફટરે ફોકટ પુલણજી બાળકને નાંખ્યાં મારી.

કૃષ્ણા— ૫

લાગી લ્હે મન લાલ લલિતજન વિહ્‌વળ બની ગઇ છું.
સખી શ્યાણી–રી—મન૦

કોઇ ચટકે કોઇ લટકે મટકે છટકે ખટકે પ્રાણી-રી—મન૦
કોઇ રંગે કોઇ રાસ ઉમંગે મોજ મઝા લે માણી.-રી—મન૦

કૃષ્ણા, રમણિક— ૬

વાહ વ્હાલા રસિક લાલ વારીરે વળી !
વારીરે વળી બલિહારીરે વળી ! —વાહ૦
સ્વર્ગ સમી તું સુંદરી. સુરંગ રૂપ અંબાર.
હું બલિહારી ભાવને નાનો દિયર ગમાર.
કામદેવનુંજ સ્થાન ચપળ નયન સ્નેહ સાર;
ગોરૂ ગુલાબી વદન નિરખું શું લળી ! —વાહ વ્હાલા૦
ચંદ્ર સૂર્ય ન્યાચે ફરે ન્યાચે વા દળ વાય;
કહુ કહુ કોયલ ટુહુકડા વસંત રૂતુમાં થાય.
સ્હમજી ગઇ સ્હમજી હું તો હૈયામાં બીજી વાત !
તમે સ્હાંજરે જરૂર લાલ જાજોરે મળી. —વાહ વ્હાલા૦

છોકરાઓ— ૭

ઓ અવિચારી દુર્ગુણ ધારી, ઈજ્જત તમારી ફટફટ ફેલ;
શાની માયા બાપ કમાયા બેટા ધાયા ખટપટ ખેલ.
ટેવ નઠારી લુચ્ચા તારી ઠગ વેપારી સટપટ મેલ.
સદ્દગુણ છાંયા શુભ કહેવાયા, મુરખ મરાયા ઝટપટ જેલ.
સ્હમજ સ્હમજ અરે પુલાઇ શું ફરે, જો ધ્યાન નવ ધરે
તો જીવતો મરે;
નાદાની પરહરે સદ્દગુણમાં ઠરે અભાગી ખરખરે,
ધીઃક છે ફટ ફટ ફેલ. (૨) —ઓ૦

રમણિક— ૮

ગઇ ગઇ ખીલેલી બ્હાર આજ અવની આ રડે,
માબાપ બને સ્વાર્થ અંધ બાળ રડવડે.
સ્વારથમાં પણ અર્થ નહિં હારે ઢગલા પાપ,
ગાય બિચારા તે ઝુરે બળતાં મનનો શાપ.
એ સ્વાર્થનું ફળ તાપ ત્યાં અમાપ દુઃખ પડે.—મ૦

કૃષ્ણા— ૯

જોડી જુગલ જુવોરે નરનાર કજોડાંને નહીંજ હળે,
અણુજુગતામાં નહીં સાર, જુગલ વિણુ જીવ ન મળે.
જુવતીને જોબન બહુ આવ્યું અણુસ્હમજુ વર બાળરે,
સ્હમજુ વિણુ સુંદર વાડીની કોણુ કરે રખવાળ—જુગલ૦
મહા સાગરને ભરતી આવે ગંભિર પણુ ઉભરાયરે,
મદન દમે અબળાને ત્યારે પરઘર હોંસે જાય.—જુગલ૦

અલકજાન— ૧૦

છોડછોડરે કનૈયા કારા ગારી સુનેગા હટ બૈયાં ન હમરી મરોર
મીઠી મીઠી બતીયાં મુંસે કરેકે, કછુ કછુ કરદે ચોર,
તું નિર્લજ લાલાજી રંગિલ. જાનેદે ભઇ ભોર.—હઠ૦

અલકજાન— ૧૧

રસિક રજની રહો. રાજી રાજી ! ચતુર ચિતને હરો. વાજી વાજી!
રંગ પીઓને ઉમંગથી માણો,
રંગીલા રાજવી વિજય કરો. રાજી રાજી !
જે ભાવે ભમરો જમે, જગમાં ઝાઝાં ફુલ;
મસ્ત બને તે મોજ લે, સસ્તી ડુલા ડૂલ.
સ્નેહ સિંચાવો, પ્રેમ રચાવો, અરજ અમારી હૃદય ધરો રાજી—ર૦

અબદુલ— ૧૨

ગધ્ધા ગધ્ધા સચ્ચા ગધ્ધા રંડીપે મરજાવે.
અંધાહોકે પેસા ઇજ્જત દોનુ બાત ગુમાવે.
પેસા હોવે પાસ બુલાવે નહિ તો લાત લગાવે,
યાર બને બેજાર બદીકા બદફલ બંદા ખાવે.
પેસા જો હોવે ખનનન બન પ્યારી નાચે થનનન!
બિન પેસા જો મુંસે બોલો થપ્પડ મારે ધનનન!
રંડીકા બેટા બને રંડીકે ઘર આવે.—ગધ્ધા૦

રમણિક— ૧૩

બાપ કમાવે બચહા ખાવે સાર ન પાવે મનુષ જનમ;
સૂમ ઝમાવે કયા લે જાવે હાર ખાય પર જાય ધરમ.
ગટપટ બોત બનાવે બહાદુર, જગ દરશનકે કરે કરમ;
કુસલાવે ભગવતકો ડોસી સર ફોડે જબ ખુલે ભરમ.
મન ફિરે ચકકર સરીખા તન કરે આખર જલે,
ધર માલ સબ જન લૂટ લે પૂન પાપ લગજાવે ગલે;
કાયમે ગરકાવ જગ ચલને લગાહે મહા પ્રલે.
કિસ્મત બડા સંસ્કાર હો દાતારકી કલ વો કલે.
પથમ કરે પરમારથ સચ્ચા સ્હુમજ જાય જન ન્યાય
મરમ—સૂમ૦

નાદાન કે મંડલ મહાપદ પાપ પડહેમે કરે.
ચંડાલ શોચે ના હરીકો મેલકા ચારા ચરે;
આતમાકો બ્રહ્મ માને મહારોગી હો મરે.
ન્યાય વો માહાદેવ તેરા પલકમેં પલ્લા ધરે.
મન ચાહે કરતા કૃતી દૂજી નિર્ભય રાખે નાથ શરમ-સૂમ૦

સિપાઇ, મગન, છગન—૧૪

સબ બનિયેકી બદમાસી.
ના બાત મિંયાની ખાસી!
બચવું જોઇએ જીવ ન્હાસી!!
ન્હાસે કયાં દઇ દઉં ફાંસી!!
ઓરે ઓરે ઓ બાપારે.!!!
ઓરે ઓરે વાહ વા વારે!!!
બદમાસી બદમાસ સિકાઇ સરપર મારૂં જૂતી;
પઘડી પાડયા બદલે બચ્ચા હું પણ નાખું કુટી-સબ૦

લલિત— શીખરણી—

બિચારી ચીનીના, પગ જકડી લેછે જનમતાં;
બિચારી આર્યોનાં, લગન વય નાની પણ થતાં:

રૂપાળી ગોરીને, અનુસ્હુમજ નામે દુખ ધરે;
દયાળુ છોડાવે, કસાઈ ઘર ઝુરી ઝુરિ મરે.

કૃષ્ણા— ૧૫

નારી જાતે રાંકને રડાવી માત તાત; પાયુ હોત ઝેર
કામ થાત ભલી ભાત.
વેલ તણું જીવન વૃક્ષ એક નામ માત્ર; પડી પડી લચી
ગયાં શિતળ શુન્ય ગાત્ર—નારી૦
મન બળ્યું બળ્યું ન બળ્યું મોટી લાગી લાય; દુઃખ
ટળે અપાર તેલ્હાય ના ખમાય—નારી૦

રમણિક, કૃષ્ણા, લલિત—૧૬

પ્રેમથી મળ્યાંને માન ચમન બહુ કરો !! (૨)
રસિક ભ્રમર ભાવથી સુવાસમાં વરો !! (૨)
દાસી છું સદાની. લલિત મ્હેરબાની;
પ્યારી મારી ન્યારી સારી.
આજ દીન રંગ છે પ્રેમીને ઉમંગ છે.
ધન્ય ધન્ય ધન્ય દિન આજે ખરો—પ્રેમ૦

ટેબલો.

પ્રથમ અંક સમાપ્ત.

અંક ૨ બીજો.

કૃષ્ણા— ૧૭

આપ બળવંતા હરી મ્હારાજ છો;
બાળના પ્રતિપાળ રૂડે કાજ છો. —આપ૦
અલ્પ તરણાને કરો મેરૂ તમો;
ભક્તના ભગવાન સારાં સાજ છો. —આપ૦
કલ્પતરૂ શુભ સર્વ અક્ષય પાત્ર છો;
દાસ ના નિર્ભય પ્રભુ શિરતાજ છો. —આપ૦

રેમણિક— ૧૮

કપટ કરે નાદાન અભાગી દુઃખ સુખ સારા;—ટેક.
નાશવંતસેં લપટે નેહે ચાહે અમૃત ધારા,
બડાલોક જુટેમે જુટા, દંભી ડુબનવારા,
કપટ તજ નિર્ભય પ્યારા. —કપટ૦

રમણિક— મરાઠી સાખી

પ્રથમ વેદ દરિયાની નદી છે, સ્થિર નિર્મળ ગુજરાતી
સપુત હોય જે શ્યાણા બાળક, તેને રસપય પાતી
સ્હમજી નહીં જાણે, તે તે સુખ, કયાંથી માણે.

લલિત, કૃષ્ણા— ૧૯

રમી રહી દુર્નાઆ પ્રીતી રસમાં હળી મળી ગળી લળી !
વારે વા, વારે વા, વારે વા, ધૂતારા છો !
હસી હસી બનાવો, મનવસી મનાવો, રસ રમી રીઝાવો.
—પ્રીતી૦

ષ્ણા, રમણિક— ૨૦

ચરણ શરણમાં, ચરણ શરણમાં,
હરઃપર કરૂણા નજર જય જય શિવ સુખ કર. ધન ધન
ધણી જગધર —ચરણ૦

નાથ નિરંજન હર દુઃખ ભંજન, મન મેલાના વા નિમળ
મંજન;
તારા પ્રિય તે સદ્‌ગુણી શૂરા નર, કર ધર હમ પર હર
સતિપતિ શંભુવર—ચરણ૰

૨૧

Love love love ah love.
Thou truly al-mighty below and above.
Thou queen shoft Cupid makes wise stupid.
Oh again I wish to be love.

લવ લવ લવ અહા લવ;
ધાઉ ટ્રૂલિ અલ--માઈટી બીલો એન્ડબવ.
ધાઉ કવીન સૅફ્ટ કયુપીડ મેકસ વાઇઝ સ્ટુપીડ.
અહો ! અગેઈન આઈ વિશ ટુ બી ઇન લવ.

બૉય—

૨૨

આહ ! મિલ જાવેગા ગુડ મોડમ, હમ નાચેંગા ફ્રીર ડ્રૂમ.
ડ્રૂમ ડ્રૂમ !
ગમ્મત કરેગા અહું,-અહું, અહું, ઓ યસ બનેગા વૅરી ગ્લેડ!
તનન તોમ તનોમ તનન તોમ તનોમ, ઓ હોહો વેલ પ્લૅડ
ધી સીઝ વેરી બેડ!—આહ૰

ચંદ્રશંકર—

૨૩

લગન તે લાગી ગઇ થઈ તે તો થઇ ગઇ;
પાણીમાં મળેલું પાણી કેમ જૂદું એ પડે ?—લગન૰
ઠેર ઠેર લાગી લ્હાય, પાતર પ્રીતી ગણાય; સાચું રહે
સ્થીર ન્યાય સાર સત્યથી જડે—લગન૰

ચંદ્રશંકર—

૨૪

કરમતણું ફળ ચાખ, જીવડા કરમતણું ફળ ચાખ;
તારાને લાયક તું પામે, ખૂબ સબૂરી રાખ—ટેક૰
કો નિંદે કો વંદે ફૂલે, શ્યાણો થઇને સાંખ;

સહુમંજ્યાને શંભુજી આપે. સુખ શાંતિ રૂપ પાંખ—જીવડા૦
પાખંડે બેઠો જઇ પ્રેમે, અગન કરે સહુ ખાખ;
દુર બેઠે પણ અગ્ની લાગે, તેનાપર ધુળ નાંખ—જીવડા૦

કૃષ્ણા— ૨૫

પ્રેમે ઢાળું પ્યારાજીને શીતળ વાયુ સુખેથી સુવો આજે
તમે જોગી મહારાજ.
ગુમાનમાં મુરખ મરે પડે છતાં નહીં ભાન;
હર સઘળું કરનાર છે તેને નહીં દે માન.
પેલા ભવના આડે આવ્યાં દૂર્ભાગી ચૂકી થઈ ભોગી—આ૦
ડરે દુષ્ટ જો પાપથી સ્મરે નાથનું નામ;
દયા કરે મહાદેવજી મળે સત્યનું ઠામ.
ચર્ણ તળાંશું ને શિશ નામું દુરબુધ્ધિ વશ જન મહારોગી—આ૦

રમણિક— ગીતી.

સદ્ગુરૂ સુખના સંગ્રહ, કૃપા તમારી નમિ નમિને માગું;
સદ્બુદ્ધિ જો આવે, ભય ભવસાગરને પાયે લાગું.

લલિત— શીખરણી.

રસીલી તું સાચી, સરસ શુભ વાણી રસ ભરી;
રૂપે ગૂણે રૂડી, રસિક મધ ચૂસી લઇ ઠરી.
ચતૂરા તું ચૂકી, ચતુર નર ચૂકી ફસિ પડે;
રૂડી મુક્તા માળા, રસિક સ્તન ભાળી હસિ પડે.

લલિત— શાર્દુલ વિક્રીડિત

વાવી ખેડુત પાક જેમ લણશે, તેવું કરી પામશો;
સારે સાર અસાર કર્મ કરતાં, ચોની અનેકે જશો.
જે છે તે ફળ કર્મનાં કરી બન્યાં, જંતૂ દુખી ઝાડવાં;
સારાં કર્મ દયા ધરો દુખિ તણિ, નિર્લો રૂપાળાં થવા.

કૃષ્ણા, લલિત— ૨૬

વા વા! (૨) રસિલા રમે છો ભલા રંગમાં! (૨)
આવો! (૨) છબીલી ફરો છો કયાં ઉમંગમાં! (૨)

રસિક છો રંગ મારા પ્રિતમજી પ્રાણપ્યારા;
સલૂણી તું સ્નેહ ધારા મધુરીના બોલ સાગ—વા૦ વા૦
ગુણવાન પર ઘેલી બની શ્યાણા તને શરણે થઈ;
આધારને આધિન પડી તન મન બધુ ભૂલી ગઈ.

લલિત— ગીતી

પ્હાડ સુખદપર શિખરે, શાંતિ સ્થળ અનહદ શોભા ભાસે;
દઈ બે કરનો ટેકો, ચઢતાં તૃષ્ણા અફળ અફળ થાશે.
નયને બીજું દીઠું, પરીણામમાં દુખ દુખ પર મરવું;
અધવચ લફસ્યા ચઢતાં, પડ્યા વૃથા જીવિત ક્યાંથી ઠરવું;

કૃષ્ણા— ૨૭

શાણાને નવ શોભે સાહસ કામજો,
વ્હાલાને વિનવુંને ખોળા પાથરૂં,
પિયુજી મારા પ્યારા આતમારામજો,
પ્રેમ તણે વશ ઘેલી જઇને કયાં ઠરૂં!—વ્હાલા૦
જાણું નવ કંઇ બીજી ત્રીજી વાતજો,
એકજ મારા પ્રેમીને પરણી ગઇ.
છાની રાખો કરતી આંસુ પાતજો,
સબળ તણે શરણે વ્હાલી વનીતા થઇ.—વ્હાલા૦

છોકરા, બૉય— ૨૮

ટોપીવાલે પર જાન હય કુરબાન મેરારે
ગોરા ગોરા મુખડા ભૂરી ભૂરી અખિયાં
હાયરે પ્યારી હાય. —ટોપી૦
છલબલ કરકે દિલભર રસિયા ચલે ગયે પરદેશ,
આશક કે પર સબ દે ડારૂં લઉં જોગનકા વેશ.—ટોપી૦

બૉય, છોકરા— ૨૯

જુતા મારૂં ટૂટા સરપર; વારે વારે વારે બબરચિજી.
છોડો છોડો ખટપટજી; ચૂપ કર દુર હઠ તું પાજી—જુતા૦

ઓહોહોહો આહોહો ઓહાહાહા આહાહાહા વાવાજી.
જા કુરજન, ખા સનનન. લે ભનનન મરજી હજી—જૂતા૦

લલિત— **ગીતી**

શોભે સર્વ વિશેષણ, સારાં સારાં લલિત પ્રિયા શાણી !
સારાથી પણ સારી, સુંદર સુંદર સદ્દગુણની લ્હાણી.

રમણિક— ૩૦

અવિચારી જન અંધ બનીને સાહસ કરતાં નવ ડરશે,
જે ખાડો ખોદે જન પાપી આપ આપથી તે મરશે,
છતી આંખે નહીં દેખે એવા વ્હેમીઓ નાદાન,
કરણી નઠારી તેવું કપટીનુ ધ્યાન, ઠેર ઠેર માર ખાય
મુર્ખનું ગુમાન.—છતી૦

લલિત— **શાર્દુલ વિક્રિડિત**

શ્યાણીએ સમરા કહ્યાં વચન તે, માન્યાં નહીં કંથડે;
ભોળીને તજી તો પછી લલિતથી, શો સાર સાચો જડે !
ના ના ના વિણ એક વાત સુણીના, પ્યારી પડી પાદમાં;
પ્રેમાલિંગન એક દેઇ ગઇ રે, રોતી મધૂરી રમા ! !

આર્ય— ૩૧

હરામ કીધું દુધ હરામી તે ક્યાં તરશે આર્ય તત્વને તજી
અન્યને શરણે મરશે·
ગયું ગયું રે ગયું હજીયે જે તે હરશે, માર માર તલવાર
મરે કે મારે હરશે.
"સ્હાય સ્હમજણાને મળે ધીરે કારજ થાય;
સાહસમાં કંઇ સાર નહીં ધીરે ધીર ગણાય;"
આજ નહીં તો કાલ સત્યનો વિજય થનારો;
ભરત ભૂમિ દુરભાગ મટે દિન આવે આરો.
જેને નહીં અભિમાન કપુતને હર સંહારો;
પડો પડોરે ઘસી માર જ્યાં ત્યાંથી મારો૦

ટેબ્લો.

અંક બીજો સમાપ્ત.

અંક ૩ ત્રીજો.

રમણિક— ૩૨

સત્ય નિરંજન નાથ મહાદેવ અજન્મા;
હર હર શંભૂ સકલ પતિ જય જોગેંદ્ર ક્ષમારે.—ટેક
હમ અપરાધ સહસ્ર કરત હય તુમ દાતા શિવ સત્ય દયા
શિવ ગુરૂ એક ચરણ શિશ ત્રાતા સેવક કોરખ લીજે સાથ—સ૦
અભિમાની જ્ઞાની જગમે હમ આપ બિરાગી પૂર્ણ કૃપા
સુધ બુધ દીજો સાંબ સદાશિવ ત્રાહી ત્રાહી કર જોર હાથ—સ૦

લલિત— ૩૩

હર હર હે હર એકજ સાચો હે જીવડા તે હરને યાચો,
અનુભવથી દીસે દુઃખ પામ્યા. પગ ભાંગે જો અવળા નાચો—હ૦
કરણી તેવી પાર ઉતરણી નીજનું પરનું શુભ શુભ વાંચો—હ૦

કમળા, મેનેજર— ૩૪

ચાલો ચાલો પ્યારા સુજાણ.
આહા રસિલી રંભાની મીઠી મીઠી વાણ !
અરે વાહરે છબિલા ! ઓય ઓયરે રંગીલા ! (૨)—ચા૦
સરરર સરરર સર મારે નયને ભરરર ભરરર મન ભડકે છે—ચા૦
અરે વાહરે છબીલા, ઓર ઓવરે રંગીલા.—ચા૦

બૉય— ૩૫

મોડમ મિલેગા મોડમ ! ! (૨)
મોડમસે મિલેગા! હમ નોકર બનેગા! ઉડાવેગા મોજ હરદમ—મો૦
ગારડનમેં ફીરેગા, ફીરલવ બી કરેગા, નોકરસે બોલેગા ગોઢંમ—મો

રમણિક— ૩૬

ધિક ધિકરે નારી વ્યભિચારા ધિક ધિકરે નર કપટી ભારી
પાપીની આપે ખુવારી નિશ્ચય નિચ જન જાશે હારી.—ધીક૦
વિશ્વાસુને નાંખે મારી એવા નર ખરના અવતારી.

છેદ્દ:ખકારી પર ઘર પ્યારી નિજ ઘર પ્યારી એ રીત સારી.
દુનિયાદારી ફિટ ફિટ ભારીછે કરનારી દુરગુણધારી.—ધિક૦

કૃષ્ણા— ૩૭

પ્યારાં બાળને મનાવું.
તું ગરિબ ગાય, કંઇક થાય. બહુ રોબાય હરીની સ્હાય—પ્યારા૦
દુ:ખમાં દેખીને રાજી હું ગાઉં નાથના ગુણ ઘેલી થઇ ગાઉં;
હરખી હરખી હું તો હાલરૂ ગાઉ. પારણે ઝુલાવું—પ્યારા.

કૃષ્ણા રમણીક— ૩૮

ચાલો ચાલો હવે મારા લાલ. તમે સાચા રસિક દયાળ—ચાલો૦
કીધાનું ફળ ભોગવ્યું હરીએ કીધી સ્હાય.
વિશ્વંભર ન્યાયી ઘણો માને તો સુખ થાય.—તમે૦
નામ લજાવે લલિતજન. તે શું સારે કામ;
ધન ધન એવું નામ એકજ મોટો રામ.—તમે૦

કૃષ્ણા— ૩૯

જય જય જગજીવન નાથ પર થઇ ઘેલી;
ધન ધન ધરણીધર પ્રેમ રસમાં રેલી.
કૃપા હોય કિરતારની જે તે સવળું થાએ.
વિજય વધે સારી મતી કુમતી નાશી જાય;
રસીલાની સંગ ભરપુર રંગરે રમવા ઉમંગરે. થઇ ઘેલી—જય૦
ચતુર સ ચેતી જઈ શરણ હરીનું સ્હાર;
એક નામ અગણિત સુખો લેવા ઇચ્છે ગાય.
નિરમળ ગંગ પ્રીતી તણો રંગ, ભૂલી ગઇ ઢંગરે. થઇ ઘેલી—જય૦

કૃષ્ણા, રમણિક— ૪૦

રસીલા લાલ મ્હારા ઓ પ્યારાજી ન્યારા છબીલા સારા સારા.
તું સ્નેહ સુધા ધારા.
મનહર દિયર મ્હારા જરા જો ધૂતારા—રસીલા૦
ગુણિયલછો જ્ઞાનવાળા સજજનછો માનવાળા મોંઘી મણીની માળા.
બોલ પ્યારા પ્યારા રસિલીના સારા.—રસીલા૦

પુર્ણ હોય બોલે નહીં અધુરો તે છલકાય;
આપ વખાણે અંધજન જ્ઞાની બધે ગવાય;
ભોળી ભલી ભલી ભાભી સુભાગ્ય છે;
વારૂ બનાવો ખુબ એકાંતે લાગ છે. —રસીલા૦

શિષ્યો— ૪૧

સદાનંદ સદ્‌ગુરૂ સ્વામી હમારે સદ્‌મતિ દે કુમતી બિદારે-ટેક૦
જ્ઞાનામૃત પાયો ભર ભરકે અંધકે નયન સુધારે;
જનમ જનમકા ઝેર ઉધારા દીપક હો દીલ ઠારે.—સ૦
ઘટ ઘટ વ્યાપક સદ્‌ગુરૂ શંભૂ સબલ રહે ફિર ન્યારે.
બિજય બિજય ધન ધન મ્હારાજા નિર્ભય નમન પૂકારે.–સ૦

કૃષ્ણા— ૪૨

મતિ તે સતી પતિની થઈ દાસી;
હોય કુટેવ છુટે રસ લૂટે પરમ સાર શિવ વાસી.
સદ્‌ગુરૂ ચરણ નયનને ઠારે ખોટી લાખ બને ખાસી–મતિ૦
શિવગુરૂ એક સદાશિવ શાંતિ અનુભવ ઝટ આવે ભાસી;
નમન સત્ય જ્યોતી ગુરૂ શંકર સદ્‌મતિ સ્નાન તિરથકાશી–મ૦

સર્વે પાત્રો— ૪૩

સકળ જગત ઉપર શિતળ નજર તું કર,
વિજય વિજય શંકર સદમતિ શુભગતિ દે દાતા,
સારા સંગે ન્યારા રંગે ભરત ભરી;
શાંતિ–આપે ભ્રાંતી કાપે વિજય વરી,
પર્વે પૂરી ગુણે શૂરી રસિક ઠરી;
અગમ નિગમ શિવ શ્રી શાતા.
જય હર હે, સુખ કર રે, સહુ પર જે,
હર હર હર દુખ પિતુ માતા. શં–ભુ–ત્રા–તા.–

સમાપ્ત

જાહેર ખબર.

નિચે દર્શાવેલાં નાટકનાં ગાયનોની ચોપડીઓ, રોકડ કિંમતે હમારી ઓફીસમાંથી હરકોઇ વખતે મળી શકશે.

પ્રલ્હાદ વિજય નાટક આખું ભાષણ સહીત રૂા.	૦–૮–૦
પવિત્ર–લક્ષ્મિ નાટકનાં ગાયનો	૦–૨–૦
ગુલબકાવલી નાટકનાં ગાયનો	૦–૨–૦
હંસાકુમારી નાટકનાં ગાયનો	૦–૨–૦
અભયસિંહ નાટકનાં ગાયનો	૦–૨–૦
કર્મફળ નાટકનાં ગાયનો	૦–૨–૦
નરસિંહ મહેતા નાટકનાં ગાયનો	૦–૨–૦
શેઠ સગાળશાહ નાટકનાં ગાયનો	૦–૨–૦
શ્રી કૃષ્ણ-સુદામા નાટકનાં ગાયનો	૦–૨–૦
મહાકવિ કાળીદાસ નાટકનાં ગાયનો	૦–૨–૦
પ્રલ્હાદ વિજય નાટકનાં ગાયનો	૦–૨–૦
કૌરવ-પાન્ડવ નાટકનાં ગાયનો (ભાગ ૧ લો)	૦–૨–૦
જાળંધર અને સતી વૃંદા નાટકનાં ગાયનો	૦–૨–૦
કૌરવ-પાન્ડવ નાટકનાં ગાયનો (ભાગ ૨ જો)	૦–૨–૦
લલિતાપ્રયા નાટકનાં ગાયનો	૦–૨–૦
સતી શરલાદેવી નાટકનાં ગાયનો....	છપાય છે.

વડતાલ નિવાસી કવિ. ભાઇશંકરજી વિ. પંડિતકૃત.

આયુર્વેદાદિત્ય (વૈદકનો અમુલ્ય ગ્રંથ)	૧–૮–૦
ઇલમજંગબહાદુર (એક સાક્ષરનું જીવન ચરિત્ર)...	૧–૦–૦

વિક્ટોરિયા વીરહ,–વિહારી વિરહ,–પુરૂષોત્તમદાસ વિરહ,–કાળનો કઢાપો,–કુભાસ્વપ્ન,–મેઘદુત વગેરે પ્રસિદ્ધ પુસ્તકો પણ આ નાટક કંપનીની ઓફીસમાંથી રોકડી કીંમતે મળશે.